શ્રી

**સરકાર માન્ય**

**ઠરાવ નં. એસ.એસ.એન. ૧૮૬૫/૩૩૯૭૧-ગ**

તા ૨૩-૪-૭૦

## ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું

# બંધારણ અને તેના નિયમો

૧ નામ :- સંઘનું નામ ''ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ'' રહેશે અને નીચેના નિયમોમાં તે ''સંઘ'' તરીકે ઓળખાશે

૨ ઉદ્દેશો :- સંઘના ઉદ્દશો નીચે પ્રમાણે રહેશે.

(ક) ગુજરાત રાજ્યની બિન-સરકારી માધ્યમિક શાળાઓમાં નિયુક્ત થયેલા આચાર્યોનું સંગઠન રચવું તથા તેમને નિયુક્ત કરનારાઓ સાથે તેમના સંબંધો સમુચિત બનાવવાં

(ખ) સભ્યો માટે જીવનધોરણ તથા નોકરીની સુવિધાઓ મેળવવી.

(ગ) તેમની મુશ્કેલીઓ દૂર કરવા પ્રયાસ કરવા.

(ઘ) માંદગી, બેકારી,અશક્તિ, વૃદ્ધાવસ્થા તથા મૃત્યુ જેવી આપત્તિમાં તેમને આર્થિક સહાય મળી રહે તેવા પ્રયાસ કરવા.

(ચ) સામાન્ય રીતે તેમની મુશ્કેલીઓ દૂર કરવા તથા તેમની નોકરીની શરતો સુધારવા જરૂરી હોય તેવા બીજા પગલાઓ લેવા. આ ઉદ્દશો પાર પાડવા સંઘ ગુજરાત રાજ્યનાં જુદા જુદા વિસ્તારોમાં એકમો ગોઠવી શકશે. અને આ જિલ્લા એકમો દ્વારા કામ કરશે.

(છ) રાજ્યમાં માધ્યમિક શિક્ષણને વધુ અસરકારક બનાવવા તથા રાષ્ટ્રીય નીતિની એકસૂત્રતા જળવાય તે માટે તેને જાહેર ક્ષેત્ર ની શેષ ગણાય. તે અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરવી .

(જ) રાજ્યની માધ્યમિક શાળાઓનાં આચાર્યોને સંગઠિત કરી તેમના દ્વારા સુયોજિત શિક્ષણિક સેવાનું કાર્ય ઉપાડવા સારુ તેમજ માધ્યમિક શિક્ષણ નાં અન્ય પ્રશ્નો હલ કરવાને જિલ્લા/શહેર/નગર આચાર્ય એકમથી સ્થાપવા માટે પ્રયાસ કરવા.

(ઝ) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, યુનીવર્સીટી, સરકાર નિયુક્ત સમિતિઓ અને બીજી શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ યુવક કલ્યાણ પ્રવૃત્તિઓ સાથે સંબંધ ધરાવતી સરકાર માન્ય સંસ્થાઓમાં સંઘનું સંપ્રમાણ પ્રતિનિધિત્વ મેળવવા સારુ જરૂરી પગલાં લેવા માટે પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવી.

(ટ) શિક્ષણ ક્ષેત્રે કામ કરતા વ્યવસાયિક સંઘ સાથે સમુચિત વ્યવહાર કેળવવું અને સંકલન સાંધવા પ્રયત્ન કરવા.તેમજ ઇતર સંસ્થાઓ સમક્ષ સંઘનું દષ્ટિબિંદુ સમજાવવાં અને તે સ્વીકારવા આગ્રહ કરતા નિવેદનો રજૂ કરવા તેમજ પ્રતિનિધિ મંડળો મોકલવા.

(ઠ) રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યો માટે વખતો વખત પરિષદો, સંમેલનો, પરિસંમવાદો, ચર્ચા સભાઓ, તથા શક્ષકો માટે પ્રાંરભિક તાલીમ વર્ગો, ઓપ વર્ગો, અભ્યાસ વર્તુળો, પ્રદર્શનો ઈત્યાદિ યોજવા

(ડ) આચાર્યોનાં વ્યવસાયિક વ્યવહાર ઉચ્ચ કોટિ નાં રહે તે હેતુથી એમને સારૂ વ્યવસાય નીતિ નિયમો સૂચવવા.

(ઢ) શૈક્ષણિક બાબતો પર લેખો પત્રિકા સામાયિકો, એહવાલો, પુસ્તકો યા વાર્ષિક ગ્રંથો તૈયાર કરી - કરાવી પ્રગટ કરવા-કરવવા.

(ત) સંઘ સાથે જોડાયેલા પ્રાથમિક સભ્યોનાં લાભાર્થે સંઘના મધ્યસ્થ કાર્યાલયમાં એક માહિતી કેન્દ્ર તેમજ શિક્ષણિક ગ્રંથાલય સ્થાપવા.

(થ) માધ્યમિક શાળાના આચાર્યાનો મોભો, તેમના હકો તેમજ હિતોને આગળ ધપાવવા અને સુરક્ષિત રાખવા તમામ બંધારણીય માર્ગ લેવા.

(દ) આંતરરાજ્ય સંબંધો વિકસાવવા રાષ્ટ્રીય ધોરણે સમાન ઉદ્દશ્ય માટે કાર્ય કરતાં અન્ય સરકાર માન્ય સંઘોમાં જોડાણ મેળવવુ.

**સામાન્ય સભ્યનો પ્રવેશ :-**

(ક) બિન-સરકારી માધ્યમિક શાળાઓમાં નિયુક્ત થયેલ કોઇપણ આચાર્ય કે સરકાર માન્ય ઉપાચાર્ય, સંઘ વખતો વખત ઘડે તેવા નિયમો વિનિયમો અને પેટા નિયમોનું કબૂલ થાય તે શરતે જે તે શહેર/જિલ્લા/એકમ દ્વારા જ રૂપિયા ૧ ની પ્રવેશ ફી તથા રૂા.૨૦ વાર્ષિક લવાજમ આપી સંઘનાં સામાન્ય સભ્ય બની શકશે. આચાર્ય અથવા સરકાર માન્ય ઉપાચાર્ય ન હોય તેવી કોઇપણ તેવા વ્યક્તિ સંઘનું સભ્યપદ ધરાવી શકશે નહી.

(ખ) સંઘના ઉદ્દેશ્યો અને હેતુઓનાં અમલીકરણ અને જિલ્લાના શૈક્ષણિક પ્રશ્નોના ઝડપી ઉકેલ લાવી શકાય. તે હેતુ માટે દરેક જિલ્લા/શહેર/ એકમ/નગર માં એક એકમ રહેશે. આ એકમમાં નોંધાયેલ સભ્યો પૈકી એકમ દીઠ એક વત્તા દર દસ સભ્યે એક સંસદ સભ્ય ચૂંટી મોકલશે.

(ગ) જ્યાં જિલ્લા એકમો રચાયા ન હોય તેવા વિભાગમાંથી નોંધાયેલ સભ્ય પૈકી દસ સભ્યો દીઠ એક સભ્ય ને સસંદ સભ્ય તરીકે ચૂંટી શકશે.

(ઘ) નોંધાયેલા સભ્યોનાં આવેલા લવાજમ પૈકી ૫૦% રકમ જે તે જિલ્લા એકમને સંઘના હેતુઓ અને ઉદ્દેશ્યોનાં અમલીકરણ અને એકમનાં વહીવટી ખર્ચ માટે આપવામાં આવશે.

**૪ સભ્યપદની બંધી અને પુનઃપ્રવેશ :-**

દરેક જિલ્લ/શહેર/નગર એકમ પોતાનું વાર્ષિક લવાજમ પ્રત્યેક વર્ષની તા.૩૧ ડિસેમ્બર પછી એક માસ સુધીમાં ચૂકવવામાં મિષ્ફળ જતાં સંઘનાં સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિં, પરંતુ તેમની બાકી નીકળતી તમામ રકમ ચૂકવેલી સંઘમાં ફરીથી જોડાઈ શકશે.

**૫. લાભ :-** સંઘનો કોઇપણ સભ્ય પોતાનું લવાજમ કે બીજી લ્હેણી થતી રકમ કલમ-૪માં જણાવેલ સમયમર્યાદામાં ન ચુકવે તો તે કોઇપણ પ્રકારના લાભ મેળવી શકશે નહી.

૬ સંઘનું કોઇપણ એકમ પોતાનું લવાજમ તે બીજી લ્હેણી થતી રકમ કલમ-૪માં જણાવેલ સમયમર્યાદામાં ન ચૂકવે તો તે કોઇપણ પ્રકારના લાભ મેળવી શકશે નહી.

૭. સભ્યો અંગેનું રજીસ્ટાર :-

સંઘ બધાં સભ્યોના નામ અને તેમના કામકાજના સ્થળ, તેમનું રહેઠાણ વગેરેની લગતી વિગતોવાળું રજીસ્ટર રાખશે. સભ્યોએ પોતાના

કામકાજના સ્થળ અથવા પોતાના રહેઠાણ અંગે ફેરફારની જાણ તેમના પોતાનાં ખર્ચે સંઘને કરવી.

૮. આ રજીસ્ટર સંઘનાં કોઈપણ સભ્ય અથવા હોદ્દાદાર દ્વારા ચકાસણી માટે રજાઓ સિવાયનાં કોઈપણ દિવસોએ કચેરીનાં કામકાજનાં સમય દરમિયાન ખુલ્લું રહેશે.

૯. હોદ્દાદાર અને ચૂંટણી પધ્ધતિ :-

(અ) સંઘના એક પ્રમુખ, બે ઉપપ્રમુખ, એક મહામંત્રી તથા ત્રણ મંત્રીઓ રહેશે.આ બધા હોદ્દાદારોની ચૂંટણી સંઘની નવી સંસદની પ્રથમ વાર્ષિક સામાન્ય બેઠક વખતે થશે અને તેઓ ફરીથી ચૂંટાઈ આવવા પાત્ર રહેશે.

(૧) સંઘના ચૂંટાયેલા પ્રમુખ પોતાનાં મંત્રીની નિમણૂક કરશે. જો એ વ્યક્તિ સંસદના સભ્ય નહીં હશે તો પોતાના હોદ્દાની રૂએ સંસદના સભ્ય બનશે.

(૨) સંઘની વ્યવસ્થાપક સમિતિ નાચેના સભ્યોની બનશે.

(ક) સંઘના હોદ્દાદારો.

(ખ) દરેક જિલ્લા એકમ પોતાના પદંર સભ્યો દીઠ એક સભ્યની અને તેથી વધુ સભ્યો એ બે સભ્યોની વ્યવસ્થાપક સમિતિ માટે ભલામણ કરશે, તે સભ્યો વ્યવસ્થાપક સમિતિના સભ્યો ગણાશે.

(ગ)વ્યવસ્થાપક સમિતિને જરૂર જણાય તો અનુભવી સંસદ સભ્યોમાંથી વધુમાં વધુ ચાર સભ્યોને કો. ઓપ્ટ કરશે.

(૩) સંઘના હોદેદારો વ્યવસ્થાપક સમિતિની ચુંટણી પછીના વર્ષની ૩૧મી ડિસેમ્બર સુધી અથવા સંઘની બીજી વાર્ષિક ચુંટણી થાય ત્યાં સુધી પોતાનો હોદ્દો ભોગવશે.

(૪) સંઘના હોદ્દાદારોની ચુંટણી ઉમેદવારી પત્રકો મેળવી પાછું ખેચવાની તક આપી, બેલેટ પધ્ધતિ દ્વારા કરવામાં આવશે. અને મત ગણતરી તથા પરિણામ સામાન્ય રીતે આ જ બેઠકમાં જાહેર કરવામાં આવશે.

**(બ)વ્યવસ્થાપક સમિતિ કાર્યપ્રદેશ :-**

(૧) સંઘની કાર્યવાહકનું અને વહીવટી સત્તા અને જવાબદારી સંઘની વ્યવસ્થાપક સમિતિના હાથમાં રહેશે. સંઘ અધિકારીઓ મારફતે પોતાનું કામકાજ કરશે.

(૨) સંસદે મંજૂર કરેલા કાર્યક્રમને પાર પાડવાને તેમજ વખતો વખત સંસદ તરફથી મળતા આદેશ સૂચનાને અમલી બનાવવા માટે વ્યવસ્થાપક સમિતિ જરૂરી પગલાં લેશે.

(૩) સંઘની નીતિ સાથે સુસંગત રહીને બધા રોજીંદા કામોનો કે જિલ્લા આચાર્ય એકમ તરફથી એને સુપ્રત કરવામાં આવેલા કામોનો વ્યવસ્થાપક સમિતિ યોગ્ય નિકાલ કરશે. પણ મહત્વની બાબતો પરતે સંસદ સમક્ષ પોતાના અભિપ્રાય કે ભલામણ પેશ કરશે.

(૪) જોડાયેલ જિલ્લા, શહેર, નગર, એકમો તથા એમના પ્રાથમિક સભ્યો(આચાર્યો) ને જરૂરી એવી માહિતી અને શૈક્ષણિક સેવા ઝડપથી અને કાર્યક્રમ રીતે પૂરી પાડવાના હેતુથી સંઘનું મધ્યસ્થ કાર્યાલય સ્થાપવાનો પ્રબંધ વ્યવસ્થાપક સમિતિ કરશે.

(૫) નવી સંસદની સામાન્ય બેઠક પછી એક મહિનામાં વ્યવસ્થાપક સમિતિમાં થતું અને તેના મૂળભૂત તથા વર્ષનું અંદાજપત્રક તૈયાર કરશે એ તે સંસદની બહાલી માટે રજૂ કરશે.

(૬) નવી બેઠકની સામાન્ય સંસદ પછી એક મહિનામાં વ્યવસ્થાપક સમિતિ સંઘના નવા વર્ષનો કાર્યક્રમ ઘડી કાઢશે અને તે સંસદની બહાલી માટે રજૂ કરશે.

(૭) સંઘના હેતુઓ, તેમજ કાર્યક્રમો પાર પાડવાને જોડાયેલા જિલ્લા, શહેર, નગર, એકમો પાસે જરૂરી માહિતી મંગાવવાનો વ્યવસ્થાપક સમિતિને અધિકાર રહેશે.

(૮) વ્યવસ્થાપક સમિતિ ગાંવ તથા જિલ્લા, શહેર, નગર એકમના અધિકારીઓ અને કાર્યકારોનું જરૂર ગણાય ત્યાં સંમેલન યોજાશે.

(૯) વાર્ષિક સંમેલન વખતે અથવા જૂની સંસદની સામાન્ય બેઠક વખતે વ્યવસ્થાપક સમિતિ પુરા થયેલા વર્ષ દરમિયાન સંઘે આદરેલી પ્રવૃત્તિઓનો અહેવાલ તૈયાર કરી છપાવી બહાલી માટે રજૂ કરશે.

(૧૦) હિસાબી વર્ષને અંતે બે મહિનામાં સંઘના મહામંત્રીએ રજૂ કરેલો સંઘનો ઓડિટ કરેલો હિસાબ તે મંજૂર કરશે.

(૧૧) રાજ્યના આચાર્યોના વાર્ષિક સંમેલનો અંગે તેમજ સંસદે નક્કી કરેલા ખાસ સંમેલનો અંગે તે વ્યવસ્થા કરશે.

(૧૨) સંઘના હેતુઓ પાર પાડવાને રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યોમાં સંઘ ભાવના અને શૈક્ષણિક સેવાનું કામ સક્રિયપણે હાથ ધરવાનું વલણ ખીલવવા સારૂં તેમજ શિક્ષણને અસરકારક બનાવવા આ સંઘનું મુખપત્ર, સામાયિક કે પત્રિકાઓમાં પુસ્તિકા યા વાર્ષિક ગ્રંથો પ્રગટ કરવાનું કામ સંસદની દોરવણી હેઠળ વ્યવસ્થાપક સમિતિ હાથ ધરશે અને તેના પર સામાન્ય દેખરેખ રાખશે.

(૧૩) સંઘના કાર્યક્રમ તેમજ કાર્યવાહીને યોગ્ય પ્રસિદ્ધિ મળે તે સારૂ વ્યવસ્થા કરશે.

(૧૪) ચર્ચાસભા, પ્રદર્શનો, શૈક્ષણિક પ્રવાસો, શિબિરો ઈત્યાદિ વ્યવસ્થાપક સમિતિ યોજવી અથવા જોડાયેલા જિલ્લા, શહેર, નગર એકમો દ્વારા યોજાશે.

(૧૫) રાજ્યના જે જિલ્લા, શહેર, અથવા નગરમાં એકમ ન હોય ત્યાં તે સ્થાપવા પ્રયત્ન કરશે.

(૧૬) મહામંત્રીની ભલામણ પરથી સંઘનું લવાજમ વસુલ કરવામાં વ્યવસ્થાપક સમિતિ તેને મદદ કરશે.

(૧૭) સંઘની પ્રવૃત્તિઓને વ્યવસ્થિત અને વેગવાન બનાવવા જે કાંઈ આવશ્યક લાગે તે સઘળું કરવાનો વ્યવસ્થાપક સમિતિને અધિકાર રહેશે.

(૧૮) વ્યવસ્થાપક સમિતિ કલમ ૯ (અ)(૨)(ગ) મુજબ ચાર સભ્યો કો. ઓપ્ટ કરશે.

**(ક) સંસદ (કાઉન્સિલ) :-**

(૧) સંસદ સભ્યની સામાન્ય સભા લેખાશે અને સંઘમાં તે સર્વોપરિ ને અંતિમ સત્તા ભોગવશે.

(૨) જિલ્લા, શહેર, નગર એકમોના પ્રતિનિધિઓ એના સભ્યો બનશે દરેક એકમને એક પ્રતિનિધિ ઉપરાંત પોતાના પ્રત્યેક પુરા દસ સભ્ય દીઠ એક લેખે પોતાના પ્રતિનિધિ ચૂંટી મોકલવાનો અધિકાર રહેશે.

(૩) રાજ્યના જે જિલ્લા યા નગરનું સંઘમાં પ્રતિનિધિત્વ ન હોય એવા વિસ્તારમાંથી સંસદને યોગ્ય લાગે તો તે દર વર્ષે પોતાની પહેલી સભામાં પ્રત્યેક વિસ્તારમાંથી એકથી વધુ નહી એમ આઠ આચાર્યોની પોતાના સભ્ય તરીકે નિયુક્ત કરશે.

(૪) આચાર્ય સંમેલનમાં વાર્ષિક અધિવેશનના પ્રમુખો જ્યાં સુધી માન્ય શાળાનાં આચાર્ય હશે ત્યાં સુધી પોતાના હોદ્દાની રૂએ સંસદના સભ્ય ગણાશે.

(૫) સંઘના અગાઉના પ્રમુખો પોતે ભોગવેલા હોદ્દાની રૂએ જ્યાં સુધી માન્ય શાળાને આચાર્ય હશે ત્યાં સુધી સંસદનાં સભ્ય ગણાશે.
(૬) સંઘની સંસદ પ્રતિનિધિની ચુંટણીમાં આચાર્યો અને માન્ય ઉપાચાર્યોને એક મત આપવાનો અધિકાર રહેશે.
(૭) પ્રત્યેક વર્ષની તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં જિલ્લા એકમનાં મંત્રીઓ સંઘના મહામંત્રીને પોતાના નવા વર્ષના પ્રતિનિધિઓનાં નામ, રાજ્યનાં તેમજ વાર્ષિક લાવજમ મોકલવાનાં રહેશે.
(૮) જો કોઇ પ્રતિનિધિ ત્રણ માસ અથવા વધારે સમય માટે આચાર્ય પદે ન હોય તો તેનું સંસદ સભ્યનું પદ આપોઆપ રદ્દ થશે.
(૯) સંસદ સંભ્યની કોઇ જગ્યા જિલ્લો કે રાજ્ય છોડી જવાને કારણે ખાલી પડશે તો જે તે જિલ્લા, શહેર ,નગર એકમ એક માસમાં તેને બદલે બીજા સંસદ સભ્યને ચૂંટી મોકલશે.
(૧૦) સંસદના કોઇ હોદ્દાદારની જગ્યા કોઇપણ કારણસર ખાલી પડશે તો જગ્યા ખાલી પડ્યા પછી મળનારી સંસદની બીજી સભામાં પૂરવામાં આવશે.

**ફરજ અને અધિકાર :-**

(૧૧) સંસદ એ સંઘનું સર્વોચ્ચ સત્તાધારી મંડળ રહેશે.
(૧૨) રાજ્યના જિલ્લા, શહેર, નગર એકમો કે સંઘની કારોબારી સમિતિઓના અભિપ્રાયો કે ભલામણોના આધારે અથવાતો આપમેળે સંઘની નીતિનું નિર્માણ સંસદ કરશે. અને દરેક મહત્વનાં પ્રશ્ન પર છેવટોનાં નિર્ણય લેશે.
(૧૩) વ્યવસ્થાપક સમિતિએ સંઘના અને તેના મુખપત્રનાં તૈયાર કરેલા નવા વર્ષના અંદાજપત્રક તથા કાર્યક્રમ પર ચર્ચા કરી યોગ્ય લાગે લેવા સુધારા વધારા સાથે સંસદ તેને બહાલી આપશે. અને વ્યવસ્થાપક સમિતિ તેને અસરકારક રીતે અમલમાં મૂકવામાં તથા વાર્ષિક સંમેલનમાં પસાર કરેલા ઠરાવોને કાર્યસાધક બનાવવાં સારૂં તે જરૂરી યોગ્ય પ્રબંધ કરશે.
(૧૪) સંસદને યોગ્ય લાગે તો અને ત્યારે સંઘના સામાન્ય હિતની દૃષ્ટિએ અમુક ચોક્કસ કામ અથવા તે કરવા અથવા તે કરાવવા એ સંઘના એકમોને અથવા તેના વ્યક્તિગત સભ્યને આદેશ આપી શકશે.
(૧૫) જિલ્લા, શહેર, નગર એકમોની સ્વાયત્તતા જાળવીને સંઘના વિવિધ એકમોના કાર્યને સુયોજિત અને સંકલિત કરવાનાં હેતુથી સંસદને એની પ્રવૃત્તિઓ પર આવશ્યક દેખરેખ અને અંકુશ રાખશે.
(૧૬) ભારત સરકારના શિક્ષમંત્રાલય, રાજ્ય સરકાર પ્રાદેશિક, વિશ્વ વિદ્યાલયો, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા બીજા શૈક્ષણિક મંડળો સંસ્થાઓ તેમજ શાળાનાં સંચાલકો સમક્ષ પોતાનું દૃષ્ટિબિંદુ દર્શાવતા નિવેદનો સંસદ રજૂ કરશે અથવા વ્યવસ્થાપક સમિતિને તેમ કરવાની સૂચના આપશે.
(૧૭) ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યોનું સંચાલન દર વર્ષે રાજ્યનાં જુદા જુદા સ્થળે કરવાની વ્યવસ્થાપક સમિતિની ભલામણ પરથી સંસદ પ્રંબધ કરશે, જો અને જ્યારે સંસદને યોગ્ય લાગશે તો અને ત્યારે તે પ્રાદેશિક રાજ્ય કે આંતર રાજ્ય કક્ષાએ આચાર્યોનાં ખાસ સંમેલનનો યોજી શકશે અથવા તેમાં સામેલ થઈ શકશે.
(૧૮) સંઘની પ્રવૃત્તિઓ સુયોજિત અને અસરકારક રીતે આગણ ધપાવવા સારૂં નવા નિયમો અને અથવા પેટા નિયમો ઘડવાની તેમજ ચાલુ નિયમો અને અથવા પેટા નિયમોમાં સુધારો કરવાની સત્તા સરકારની બહાલીની અપેક્ષાએ સંસદની રહેશે.
(૧૯) સંસદની હેતુઓ તેમજ હિતોને આગણ ધપાવવા જે કાંઈ આવશ્યક હોય તે સંસદ કરશે. અથવા સંસદની અન્ય સંસ્થાઓ તેમજ સંઘે નિમણૂક કરેલી સમિતિઓ બોર્ડ મારફત કરાવશે.
(૨૦) જિલ્લા એકમો રચના અને કાર્યપદેશ :-
(૧) સંઘનાં કાર્યને સુવ્યસ્થિત અને સંગઠિત કરવા સંસદ રાજ્યના જુદા જુદા જિલ્લા, શહેર કે નગર દીઠ એક એકમ રચશે
(૨) રાજ્ય સંઘ સાથે જોડાયેલા કોઇપણ આચાર્ય જેતે જિલ્લા, શહેર, નગર એકમ દ્વારા સંસદમાં પ્રતિનિધિ મેળવી શકશે.
(૩) જિલ્લા એકમો પોતાના કાર્ય માટે રાજ્ય સંઘના બંધારણને આધીન રહીને પોતાનું વહીવટી સંચાલન ગોઠવી શકશે.
(૪) પોતાની વાર્ષિક સામાન્ય સભા દરેક જિલ્લા એકમ નવા વર્ષ દરમિયાન હાથ ધરાવતઓ પોતાનો કાર્યક્રમ ઘડી કાઢશે. એકમનાં મંત્રીએ આ કાર્યક્રમની એક નકલ રાજ્ય સંઘના મંત્રીને મોકલવાની રહેશે.
(૫) સંઘની સંસદ અથવા વ્યવસ્થાપક સમિતિ વખતો વખત જે આદેશ આપે તેનું પાલન પત્યેક એકમે કરવાનો રહેશે.
(૬) જે તે જિલ્લા એકમમાં આવેલ શહેર કે નગરમાં દસ થી વધારે માધ્યમિક શાળાનાં આચાર્યો સંઘના સભ્યો ત્યાં અલગ એકમ સ્થાપી શકશે.
(૭) દરેક જિલ્લા, શહેર, નગર એક એકમ દીઠ વર્ષે પોતાના પ્રતિનિધિઓ પોતાની સભ્ય સંખ્યા મુજબ ચૂંટી કાઢવામાં આવશે અને તેમના નામ, પૂરા સરનામા તેમજ વાર્ષિક લવાજમ સંઘના મંત્રીને તા. ૩૧ ડિસેમ્બર સુધીમાં મોકલવાનાં રહેશે.
(૮) દરેક જિલ્લા, શહેર, નગરે એકમ દીઠ વાર્ષિક અહેવાલ તથા હિસાબની બે નકલ તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં સંઘનાં મહામંત્રીને પહોચાડવાની રહેશે, તેની સાથે પોતાના સંસદના સભ્યોની યાદી સરનામાં સાથે મોકલવી આવશ્યક છે.

**૧૦. સંઘનું સંચાલન વ્યવસ્થાપક સમિતિ :-**

સંઘના કામકાજનું સંચાલન સામાન્ય રીતે ચુંટાયેલા હોદ્દાદારો તથા સભ્યોની બનેલી વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવશે. આ વ્યવસ્થાપક સમિતિ બીજી નવી વ્યવસ્થાપક સમિતિ નિયુક્ત ન થાય ત્યાં સુધી કામકાજ ચાલુ રાખશે.

**૧૧. ખાલી જગ્યાઓ પૂરાવવા :-**

(૧) હોદ્દાદારની જગ્યા ખાલી પડે તો તે સંસદ પુરશે.
(૨) વ્યવસ્થાપક સમિતિએ કો. ઓપ્ટ કરેલા સભ્યની ખાલી જગ્યા પડે તો તે જગ્યા વ્યવસ્થાપક સમિતિ પુરશે.
(૩) અને વ્યવસ્થાપક સમિતિના સભ્યની જગ્યા ખાલી પડે તો એ જગ્યા વ્યવસ્થાપક સમિતિ જે જિલ્લા, શહેર કે નગર એકમનો સભ્ય હશે તે એકમની ભલામણ પરથી જિલ્લા, શહેર કે નગર એકમ દ્વારા પુરશે.

૧૨. સંઘના કોઇપણ હોદ્દેદાર વ્યવસ્થાપક સમિતિના સભ્ય કો. ઓપ્ટ સભ્ય, સંસદ સભ્ય સંઘ દ્વારા રચિત સમિતિ બોર્ડના સભ્ય અથવા સામાન્ય સભ્ય સમધાન હેતુઓ વિરૂધ્ધ કાર્ય કરશે તો સંસદની બેઠક વખતે હાજર રહેલા સભ્યોની ૨/૩ બહુમતીથી સંઘ આપેલ આદેશનો અનાદર કરી, શિક્ષામાંગ કરવા ખાતર તેને જે તે હોદ્દા આગળ સભ્ય પદેથી દૂર કરી શકશે. પરંતુ તે હોદ્દેદાર - સભ્યને ખુલાસો કરવાની પુરતી તક આપવામાં આવશે.

**૧૩. વ્યવસ્થાપક સમિતિની બેઠક :-**

વ્યવસ્થાપક સમિતિની બેઠક પ્રમુખ સામે ચર્ચા વિચારણા કરીને મહામંત્રી નક્કી કરે તે દિવસે અને તે સ્થળે બને ત્યાં સુધી મહિનામાં એકવાર મળશે.

૧૪. વ્યવસ્થાપક સમિતિની બેઠક માટે ઓછામાં ઓછી સાત દિવસની નોટીસ આપવામાં આવશે. અને ખાસ બેઠક ટૂંકી મુદ્દતની નોટીસથી, છાપાજોગ અથવા બીજી રીતે આપીને પ્રમુખ બતાવશે.

૧૫. વ્યવસ્થાપક સમિતિની કાર્યસ્થાપક સંખ્યા ઓછામાં ઓછી ૧/૩ સભ્યોની રહેશે પરંતુ કાર્યસાધક સંખ્યાને અભાવે મુલત્વી રહેલ સભા તે જ સ્થળે અને તે જ કાર્ય માટે અર્ધાકલાક પછી મળશે અને તેમાં હાજર રહેલ સભ્યોથી સભાનું કામકાજ ચાલશે જે કાયદેસર ગણાશે.

**૧૬.હોદ્દેદારોની ફરજો :-**

(૧) પ્રમુખ :- પ્રમુખ બધી બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળશે વ્યવસ્થા જાળવશે.બધી કાર્યનોંધ ઉપર સહી કરશે તથા તેમણે પોતાનો નિર્ણયાત્મક મત (કાસ્ટિંગ વોટ) આપવાની છૂટ રહેશે. જરૂર જણાય તો અને ત્યારે વ્યવસ્થાપક સમિતિ તથા સંસદની ખાસ બેઠક ટૂંકી મુદ્દતની નોટીસથી છાપાજોગ અથવા બીજી રીતે બોલાવવીની રહેશે. પ્રમુખને સત્તા રહેશે.અને તેઓ સંઘના મુખ્ય પત્રનું સંચાલન કરશે.

(૨) ઉપરપ્રમુખ :- પ્રમુખ ગૈરહાજર હોય ત્યારે તેમના સ્થાને કામકાજ સંભાળશે.

**૧૭.મહામંત્રી :-** મહામંત્રી સંઘ વ્યવસ્થાપક સમિતિની અને સંસદની બધી બેઠકોની કાર્યનોંધ લખશે બધો પત્રવ્યવહાર કરશે બધી બેઠકો બોલાવશે. સંઘના કામકાજ પર દેખરેખ રાખશે અને બધી આવક તથા ખર્ચાનું હિસાબ રાખશે.આવક તથા ખર્ચની દરેક બાબત સ્પષ્ટ દર્શાવતું વાર્ષિક સાત પણ તે તૈયાર કરશે. યથા પ્રસંગે સરકારને અથવા શિક્ષણ નિયામકને જોઈતી માહિતી પૂરી પાડવા માટે પણ તે જવાબદાર રહેશે.

**૧૮.મંત્રી :-** મંત્રી સામાન્ય રીતે મહામંત્રી તેમના કામકાજમાં મદદ કરશે મંત્રીમાનાં એક મહામંત્રીની ગૈરહાજરીમાં તેમની ફરજો બજાવશે.

**૧૯.નાણાંકીય જવાબદારી :-**

મહામંત્રી સંઘના વખતો વખતે ચુકવતા નાણાંની બધી રકમ માટે તથા તે નાણાં બેંકમાં યોગ્ય રીતે ભરવા જવાબદાર રહેશે. વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરેલા બધાં ખર્ચ પેટે તે નાણાં ચુકવશે. પ્રમુખ, ઉપપ્રમુખ અથલા મહામંત્રી પૈકી ગમે તે બે ચેંક ઉપર સહી કરી આપે તે પહેલા બેંકમાંથી નાણાં ઉપાડવાની સત્તા તેમને રહેશે નહીં.

**૨૦.વાર્ષિક સામાન્ય બેઠક :-**

સંઘની જૂની સંસદની સમાન્ય બેઠક નીચેનું કામકાજ કરવા મળશે.

(૧) (ક) સંઘે કરેલી કામગીરીનો હેવાલ થતાં હિસાબનાં, ઓડિટ થયેલા વિગત પત્રક મંજૂર કરવા

(ખ) અને અધ્યક્ષની પરવાનગીથી રજૂ કરવામાં આવે તવું બીજુ કામકાજ કરવા

(૨) નવી સંસદ :-

(ક) તે વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની ચુંટણી કરવા

(ખ) અને અધ્યક્ષની પરવાનગીથી રજૂ કરવામાં આવે તેવું બીજું કામકાજ કરવા

(ગ) નવા વર્ષ માટે અન્વેષક (ઓડિટર) ની નિમણૂક કરાવા

(ઘ) નવી સંસદની પ્રથમ સામાન્ય બેઠક ફેબ્રુઆરી માસનાં અંત પહેલા ઉપર જણાવેલ કામો માટે મળશે.

૨૧. પ્રમુખ અથવા મહામંત્રી પોતાને જરૂર લાગે ત્યારે સંઘના સંસદ સભ્યોની સામાન્ય બેઠક બોલાવી શકશે. અને સંઘની કુલ સભ્ય સંખ્યાનાં ૧/૫ સંસદ સભ્યોએ સહી કરેલી માંગણીનાં આધારે એવી માંગણી મળ્યાનાં ૨૦ દિવસની અંદર બોલાવશે. પ્રમુખ અથવા મહામંત્રી આવી બેઠક બોલવવામાં નિષ્ફળ જાય એવા પ્રસંગે માગણી કરનારાઓ પોતે યોગ્ય નોટીસ આપીને પોતે આવી બેઠક બોલાવશે અને આ રીતે બોલાવેલી બેઠકની કાર્યવાહીઓ સંઘને બંધનકર્તા રહેશે.

૨૨. સંસદ સામાન્ય બેઠક માટે સભ્યને ઓછામાં ઓછી દસ દિવસની નોટીસ આપવામાં આવશે અને ખાસ બેઠક ટૂંકી મુદ્દતની નોટીસથી છાપાજોગ અથવા બીજી રીતે આપીને પ્રમુખ બોલાવશે.

૨૩. સંસદની સામાન્ય બેઠક માટે કાર્યસાધક સંખ્યા ઓછામાં ઓછી ૧/૩ સભ્યોની રહેશે. પરંતુ કાર્યસાધક સંખ્યાને અભાવે મુલત્વી રહેલી બેઠક તે જ સ્થળે અને તે જ કાર્ય માટે અર્ધકલાક પછી મળશે. અને.....

**૨૪.સામાન્ય ફંડ :-**

સંઘના સામાન્ય ફંડ સભ્યોનાં લવાજમ, દાન, મુખપત્રો વગેરેનાં બનશે આવા સામાન્ય ફંડ સંઘના વ્યવસ્થાપક સમિતિએ બહાલી આપેલી બેંક અથવા બેંકમાં જમા કરવામાં આવશે. પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી કે સંઘનાં મુખપત્રનાં સંપાદક થી ચાલુ વર્ષ માટે પોતાની પાસે રૂા.૫૦૦/- થી વધુ રકમ રાખશે નહીં.

**૨૫.વાર્ષિક ઓડિટ :-**

સંઘ સન ૧૯૨૭ નાં મુંબઈ ટ્રેડ યુનિયન નિયમોનાં નિયમ ૧૮ અનુસાર વ્યવસ્થાપક સમિતિએ નિયુક્ત કરેલા ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા પોતાના હિસાબના વાર્ષિક ઓડિટ માટે યોગ્ય જોગવાઈ કરશે.

**૨૬.હિસાબના ચોપડાની તપાસણી :-**

સંઘના હિસાબના ચોપડા રજાઓ સિવાયનાં કોઈપણ દિવસે સંઘના કામકાજનાં સમય દરમિયાન સંઘના કોઈપણ સંસદ સભ્ય અધવા હોદ્દેદારો દ્વારા ચકાસણી માટે સંઘની મુખ્ય કચેરીમાં ખુલ્લા રહેશે.

**૨૭.સંઘનું વિસર્જન :-**

સંઘના વિસર્જનનાં હેતુ માટે બોલાવેલી સંસદની સામાન્ય બેઠક વખતે હાજર રહેલા સભ્યોમાંથી ૩/૪ સભ્યોના બહુમતી મત સિવાય સંઘનું વિસર્જન કરી શકશે નહી. પરંતુ એવી બેઠક વખતે એપાયેલા મતની સંખ્યા કુલ સંખ્યાનાં ૨/૩ કરતાં ઓછી હોવી ન જોઈએ બધી જવાબદારીઓને પહોચી વળ્યા પછી સંઘના વિસર્જન માટે બોલાવેલી બેઠકનાં નિર્ણય અનુસાર સંઘ ફંડનું નિકાલ કરવામાં આવશે.

**૨૮.સંઘનું મધ્યસ્થ કાર્યાલય :-**

સંસદની વાર્ષિક સામાન્ય સભા સંઘના મધ્યસ્થ કાર્યાલયના સ્થાન વિશે નિર્ણય કરશે.પરંતુ સામાન્ય મહામંત્રીના સ્થળે સંઘનું મધ્યસ્થ કાર્યાલય રહેશે.

**૨૯.સંઘનું વર્ષ :-**

સંઘનું વહીવટ તથા નાણાંકીય વર્ષ ૧લી જાન્યુઆરી થી ૩૧ ડિસેમ્બર સુધીનો રહેશે.

**૩૦.બંધારણમાં ફેરફાર :-**

પંદર દિવસ અગાઉ ખબર આપીને બોલાવેલી સંસદથી કોઈપણ સભાની કાર્યસૂચીમાં સૂચવાયેલા સુધારાને તેમના ૫ર સભ્યો તરફથી ત્યાર બાદ સાત દિવસમાં મળેલા. સુધારોઓની ચર્ચા થઈ શકશે. પરંતુ હાજર રહેલા સભ્યો પૈકીનાં ૨/૩ સભ્યો જો તેની તરફેણમાં મત આપશે તો જ તે મંજૂર થયેલા પણ તે અને આ મંજૂર થયેલા સુધારાઓ સરકાર મંત્રીની બહાલી મળલી કાયદેસર રીતે અમલમાં આવશે.

(ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની તા. ૨૯-૬-૬૯ ને રવિવાર મળેલ સંસદે સર્વોનુમતે પસાર કરેલ બંધારણે. પરંતુ સરકારના ઠરાવ ક્રમાંક એસ.એસ.એન ૧૮૬૫ ૩૩૯૭૧-ગ તા.૨૩-૪-૭૦ થી માન્ય કરેલ બંધારણમાં સંઘની તા. ૧૧-૧-૫ )